ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ફોરેન્સીક સાયન્સના નોલેજથી અટપટી લુંટનો ભેદ ઉકેલાયો

**ફકીરના વેશમાં ઘરમાં ઘુસી આવેલા લુંટારૂએ જાદુટોના કરીને દાગીના લુંટી લીધા હતા : વર્ણન મુજબ કોઈ જ કેમીકલની હાજરી ન જણાતા સમગ્ર ઘટના નાટક હોવાનુ ખુલ્યુ : પ્રેમી સાથે મળીને પરિણીતાએ સીઆઈડી સીરીયલના એક એપીસોડ જેવી વાતો ઘડી કાઢી હતી : બરોડા જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ગાંધીનગરના મહિલા પીએસઆઈની ટીમે ગુનાનો પર્દાફાશ કર્યો**





ગાંધીનગર, તા. ૩

ફોરેન્સીક સાયન્સ ક્રાઈમ ડીટેક્શનમાં ખુબ જ મહત્વ ધરાવે છે. વધુ એક અટપટો ગુનો ફોરેન્સીક સાયન્સના નોલેજને કારણે ઉકેલાયો છે. ઘરમાં ઘુસીને ફકીરના વેશમાં આવેલો લુંટારૂ પરિણીતાને બેભાન કરીને ઘરમાંથી દાગીના ઉપાડી ગયો..! પરિણીતા ભાનમાં આવી ત્યારે ઘરથી ૧૨ કિ.મી. દૂર હતી..! આવી એક લુંટની ઘટના બરોડા જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પરિણીતાએ કહ્યુ હતુ કે ફકીરે મોં પાસેથી હાથ ફેરવ્યો ને તે બેભાન થઈ ગઈ..! આ વાતને પકડીને ઈન્વેસ્ટીગેશન ઓફીસરે આ પ્રકારનું કયું કેમીકલ આવે તે એફએસએલમાંથી જાણવા પ્રયત્ન કર્યો..! જે કેમીકલનો ડૉક્ટર દ્વારા રીપોર્ટ કરવામાં આવ્યો હતો તેવા કોઈ પણ પ્રકારના કેમીકલના અંશ મળી ન આવતા બોગસ ફરિયાદની શંકા પ્રબળ બની અને ડીપ ઈન્ટ્રોગેશન એન્ડ ઈન્વેસ્ટીગેશનમાં ગુનાનો પર્દાફાશ થયો. ફરીયાદી પરિણીતાએ તેના પ્રેમી સાથે મળીને સીઆઈડી સીરીયલના એક એપીસોડની કોપી કરીને બોગસ લુંટની વાતો ઘડી કાઢી હોવાનુ ખુલતા પરિણીતા અને પ્રેમી બંનેને પોલીસે દબોચી લીધા..!

ગાંધીનગર શહેરના સેક્ટર-૪માં રહેતા મહિલા પીએસઆઈ વી.એ. આહીરનું પોસ્ટીંગ તાજેતરમાં બરોડામાં જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં થયું છે. ૨૦મી મે એ પોલીસ સ્ટેશનમાં એક વિચિત્ર લુંટનો કિસ્સો આવ્યો. ત્રણેક મહિના પહેલા જ લગ્ન કરીને આવેલી પરિણીતા આરતી ગુપ્તા ઘરે એકલી હતી ત્યારે ૧૧ વાગ્યે એક ફકીર સફેદ કપડા અને માથે લીલુ કપડુ બાંધીને ઘરે આવ્યો..! જમવાનું માંગ્યુ એટલે દરવાજો ખોલીને ફકીરને આરતી ગુપ્તાએ ઘરમાં બેસાડ્યો. જમવાનુ લેવા રસોડામાં ગઈ અને પરત આવી ત્યારે ફકીરે આરતીના મોં પાસે હાથ ફેરવ્યો અને તે બેભાન થઈ ગઈ. ઘરમાંથી રૂ. ૧.૨૨ લાખના દાગીના લઈને ફકીર રફફુચક્કર થઈ ગયો. આરતી પાંચ કલાક બાદ બપોરે બે વાગ્યાના અરસામાં ભાનમાં આવી તો અવાવરૂ તળાવ પાસે પડી હતી..! આરતીએ તેના ભાઈને ફોન કરી બોલાવ્યો. ઘરથી ૧૨ કિ.મી. દૂર આરતી પહોંચી ગઈ હતી. કેવી રીતે પહોંચી તે કાંઈ જ યાદ આવતુ ન હતુ. આરતી પિયરે ગઈ અને ફરી બેફાન થઈ જતા ફેમીલી ડોક્ટરને ત્યાં હોસ્પિટલમાં દાખલ કરી. આ ફરિયાદ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ..! પીએસઆઈ એમ.એન. પઠાણ, ઈન્ચાર્જ પીઆઈ આર.એચ. વાળા, મહિલા પીએસઆઈ વૈશાલી એ. આહીર તથા તેમની ટીમને વાત ગળે ઉતરે તેમ ન હતી. ફેમીલી ડોક્ટરે કહ્યુ કે 'બેન્ઝોડાયનાયામ' કેમીકલની અસર આરતી પર થઈ છે. જો કે ઘરના સ્થળે આવા કેમીકલની કોઈ છાંટ સુદ્ધા મળી આવી ન હતી. તે ઉપરાંત જ્યાંથી આરતીને હોશ આવ્યો ત્યાંથી

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામસભામાં ગામદીઠ સરેરાશ બે પ્રશ્નો જ રજુ થઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં શરૂ થયેલ ગ્રામસભા અભિયાનમાં ૭૨ ગ્રામસભામાં ૧૩૩ જેટલા પ્રશ્નો રજુ થયા છે. અર્થાત દરેક ગ્રામસભામાં સરેરાશ બે પ્રશ્નો રજુ થયા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧ થી ૭ જૂન દરમ્યાન યોજાયેલ ગ્રામસભા અભિયાનમાં ૧૭૯ ગ્રામસભાઓ યોજાવાની છે. ૧૧૬ પંચાયતોમાં પંચાયતોની પેટા-ચૂંટણીને પગલે ત્યાં ગ્રામસભાઓ યોજાવાની નથી.

મળતી વિગતો પ્રમાણે આ અભિયાનમાં સૌથી વધુ પ્રશ્નો કલોલ તાલુકામાંથી મળ્યા છે. જેની સંખ્યા ૭૭ છે. તો વસ્તી અને વિસ્તારમાં મોટો એવો ગાંધીનગર તાલુકામાંથી માત્ર ૮ પ્રશ્નો આવ્યા છે. દહેગામ તાલુકામાંથી ૨૨ પ્રશ્નો અને માણસામાં ૨૬ જેટલા પ્રશ્નો ગ્રામસભામાં રજુ થયા છે.

મળતી વિગતો પ્રમાણે રજુ થયેલા ૧૩૩ પ્રશ્નો પૈકી ૩૯ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થયો છે. જ્યારે ૩૯ પ્રશ્નોનો નકારાત્મક નિકાલ થયો છે. ૫૫ જેટલા પ્રશ્નો ઉકેલ માટે જિલ્લાકક્ષાએ મોકલવાની કાર્યવાહી તાલુકા દ્વારા કરવામાં આવશે.

જિલ્લામાં સાત દિવસ સુધી ચાલનારા આ અભિયાનને પગલે અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારમાં જતા રહેતા હોવાથી કચેરીઓ સુમસામ બની જવા પામી છે.

જે પ્રશ્નો પડતર રહ્યા છે અને જિલ્લા કક્ષાએ મોકલવાના થાય છે તેમાં કલોલના ૩૨, માણસાના ૨૧ અને ગાંધીનગરના બે પ્રશ્નોનો સમાવેશ થાય છે.



વાદળોનું આવાગમન - અસહ્ય બફારા સાથે શહેરનું મહત્તમ તાપમાન ૪૩.૩ ડિગ્રી નોંધાયું હતું... દિવસ દરમિયાન ભારે ઉકળાટ અને ગરમીથી ત્રાહિમામ સર્જાયો હતો... સાંજે વાદળોના આવાગમનથી વરસાદની અટકળો વર્તાતી હતી પરંતુ હંમેશની જેમ પ્રિ-મોન્સુન કે મોન્સુન પાટનગરને અન્યાય કરે છે... છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના અનેક સ્થળો પર વરસાદના ઝાપટા પડે છે પરંતુ ગાંધીનગરમાં માત્ર વાતાવરણ જ સર્જાય છે....

# સેક્ટર-૨૧ જિમખાનાના ક્રિકેટ સ્ટેડિયમને અદ્યતન બનાવવાની કામગીરી આરંભાઈ

**સ્ટેડિયમ વિકસાવવા માટે ૧૪ કરોડનો ખર્ચ કરાશે : રણજી ટ્રોફિ સહીતની ઉચ્ચ કક્ષાની મેચ રમી શકાય તે મુજબની પેટર્ન સ્ટેડિયમ વિકસાવાશે : ખેલાડીઓ માટે રૂમ પણ બનશે**

ગાંધીનગર તા ૩

શહેરના સે-૨૧ જીમખાનામાં ક્રિકેટ મેદાનને અધ્યતન બનાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. ક્રિકેટ રસિયાઓ આ મેદાનને અનુલક્ષી વિશેષ ઉત્સુક છે. ત્યારે ક્રિકેટ મેદાન તેમજ સ્ટેડિયમને રણજી ટ્રોફિ તેમજ ઉચ્ચ કક્ષાની મેચ રમાડી શકાય તે પેટર્ન પર વિકસાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ યોજના પાછળ અંદાજિત રૂ ૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે ખેલાડીઓ માટે નવા રૂમ પણ બનાવાશે. આ ઉપરાંત ઉભરતા ક્રિકેટરોને યોગ્ય તાલીમ મળી રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સે-૨૧ જીમખાના રમતગમતની વૃતિ પ્રવૃતિને સંતોષવા માટેનુ કેન્દ્ર સ્થાન છે. જયારે વિવિધ સુવિધા ધરાવતા જિમખાનામાં વિવિધ રમતો જીમ સહીતની સઘળી અદ્યતન સુવિધા હોવાના લીધે રમતવીરો માટે પણ આકર્ષણનુ કેન્દ્ર સ્થાન છે. જયારે છેલ્લા ઘણાં સમયથી સે-૨૧ જીમખાનાના ક્રિકેટ સ્ટેડિયમની કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી હતી. પરંતુ કામ શરૂ કરવામાં આવતુ ન હતુ. જયારે હવે આ યોજનાને આગળ વધારવા તેમજ ક્રિકેટ સ્ટેડિયમને અધ્યતન બનાવવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેના પરિણામે ક્રિકેટ રસિયાઓમાં પણ ઉત્સાહનુ મોજુ પ્રવર્તયુ છે. નગરમાં જી પી એસ સી ભવન જે એજન્સીએ તૈયાર કર્યુ છે. તે વિદ્યાતા એન્જિનિયરીંગને જ આ સ્ટેડિયમને અપગ્રેડ કરવાનુ કામ સોંપવમાં આવ્યુ છે. ક્રિકેટ રસિયાઓને ધ્યાને લઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોની સેન્સ લઈને જ ક્રિકેટની પીચ તૈયાર કરવામાં આવશે. જયારે આગામી દિવાસોમાં રણજી ટ્રોફિ સહીત ઉચ્ચ કક્ષાની મેચ અહીં રમાઈ શકે તે મુજબની પેટર્ન પર આ મેદાનને વિકસાવામાં આવી રહયુ છે. જયારે ખેલાડીઓને રહેવાની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે નવા રૂમ પણ બનાવાશે. આ ઉપરાંત ઉગતા ક્રિકેટ રસિયાઓને અહીં તાલીમ પણ આપવામાં આવશે. હાલ લાંબા સમયના અંતે ક્રિકેટના મેદાનનુ કામ હાથ ધરાયુ છે. જયારે નિયત સમયના અંતે કામ પુર્ણ કરી દેવાશે.

# સંજય ગુપ્તાને જામીન આપવા હાઈકોર્ટનો સાફ ઈનકાર

**ગુપ્તાની વચગાળાની જામીન અરજી હાઇકોર્ટે ફગાવી : બિમારીના કારણોસર વચગાળાના જામીનની ગુપ્તાએ માંગ કરી હતી**

અમદાવાદ, તા. ૩

કરોડો રૂપિયાના મેટ્રો રેલ કૌભાંડના મુખ્ય સૂત્રધાર આરોપી સંજય ગુપ્તાને વચગાળાના જામીન આપવાનો ગુજરાત હાઈકોર્ટે સાફ ઈનકાર કરી દીધો હતો. સંજય ગુપ્તા તરફથી બિમારીના કારણોસર વચગાળાના જામીન માંગ્યા હતા. જો કે, હાઈકોર્ટે આરોપી સંજય ગુપ્તાની કામચલાઉ જામીનઅરજી ફગાવી દીધી હતી. ચકચારભર્યા કરોડો રૂપિયાના મેટ્રો રેલ કૌભાંડમાં આરોપી સંજય ગુપ્તા તરફથી કરાયેલી કામચલાઉ જામીન માટેની અરજીમાં એવી રજૂઆત કરાઇ હતી કે, અરજદાર લીવર સહિતની અન્ય બિમારીઓથી પીડાઇ રહ્યા છે. તેમને કરોડરજ્જુની સારવાર માટે પણ એમઆરઆઇ કરાવવાનો છે. આ માટે એનેસ્થેશ્યા આપી સારવાર લેવી પડે તેમ છે અને તેથી ખાનગી હોસ્પિટલમાં સારવાર થવાની જરૂરિયાત હોઇ હાઈકોર્ટે અરજદારના વચગાળાના જામીન મંજૂર કરવા જોઇએ. જો કે, રાજય સરકાર તરફથી ગુપ્તાની જામીનઅરજીનો સખત વિરોધ કરાયો હતો અને જણાવાયું હતું કે, આરોપી ખૂબ જ ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલો છે. વળી, એમઆરઆઇ સહિતની તમામ જરૂરી સુવિધા અને સારવાર સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે, ત્યારે અરજદારના વચગાળાના જામીન મંજૂર કરવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

● અનુસંધાન પાન-૭ પર

# પર્યાવરણની સમસ્યા સંદર્ભે આવતીકાલે મહત્વની બેઠક

ગાંધીનગર, તા.૩

પર્યાવરણની સમસ્યાના નક્કર અને કાયમી ઉકેલ માટે ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે એન્વાયરોમેન્ટ રીસર્ચ મીટ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં પર્યાવરણ મંત્રી શંકરભાઈ ચૌધરી વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતાસિંહ પ્રેરક માર્ગદર્શન આપશે એમ ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન ગેમીની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યાનુસાર આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણીય સંશોધન ક્ષેત્રે કામ કરતા વૈજ્ઞાનિકો, તજજ્ઞો, સંશોધકો, વિદ્યાર્થીઓ,

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નિવેદન

**બ્લુ ડસ્ટબીન — સુકો કચરો**

- કાગળ (ન્યુઝ પેપર, નોટબુક વગેરે)
- કાર્ડ બોર્ડ અને પુઠ્ઠા
- પેકેજીંગના કામાં વપરાતું મટીરીયલ
- મિશ્રિત પદાર્થોથી બનાવવામાં આવતા પેકેટ (ટેટ્રા પેક વગેરે)
- પ્લાસ્ટીક

**ગ્રીન ડસ્ટબીન — ભીનો કચરો**

- બગડેલા શાકભાજી, રસોડામાં પડેલ નકામાં શાક
- ફૂલ, ફળો તેમજ તમામ પ્રકારના બગડેલા જ્યુસ
- શાકભાજી અને ફળોના છોતરા
- ઘર કે બગીચામાંથી નીકળથો પાંદડાનો કચરો
- ખરાબ ટોઈલેટ પેપર
- તમામ પ્રકારની ખરાબ ખાદ્ય સામગ્રી

અમો ડી.એન. મોદી (મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર) અને પ્રવીણ પટેલ (મેયર, ગાંધીનગર શહેર) ગાંધીનગર શહેરના નાગરિકોને શહેરને સ્વચ્છ રાખવા માટે અપીલ કરીએ છીએ, તથા શહેરને સ્વચ્છ રાખવા આપને સહકાર આપવા વિનંતી કરીએ છીએ, આ માટે નીચે મુજબના જરૂર પગલા નાગરિકો ભરે તેવી વિનંતી છે.

(૧) દરેક ઘરમાં બે ડસ્ટબિન રાખવા કાયદાની જોગવાઈ મુજબ ફરજીયાત છે. એક ડસ્ટબિનમાં સુકો કચરો તથા બીજા ડસ્ટબિનમાં ભીનો કચરો ભેગો કરવો.

(૨) ડોર ટુ ડોર કચરો લેવા માટે જ્યારે મહાનગરપાલિકાની ગાડી આવે ત્યારે બંને ડસ્ટબિન ગાડી સાથે આવેલ કર્મચારીને આપવા, જેથી સુકો અને ભીનો કચરો અલગતી વહન શક્ય બને.

(૩) ઉપરોક્ત કચરામાંથી મહાનગરના પ્રોસેસિંગ પ્લાન્ટ ઉપર રીસાઈકલ કરીને તેમાંથી કમ્પોસ્ટ તથા આર.ડી.એફ. બનાવવામાં આવશે.

(૪) કચરાનું પ્રોસેસિંગ થયા પછી ખૂબ જ નજીવી માત્રામાં બચેલા કચરાને ડમ્પીંગ સ્થળ પર મોકલી આપવામાં આવશે.

આથી ગાંધીનગર શહેરના દરેક નાગરિકને નમ્ર અપીલ છે. આપના ઘર/ઓફીસ/વ્યવસાયના સ્થળે સુકો તથા ભીનો કચરો અલગ પાડીને ગાંધીનગર શહેરને ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનાવવા સહભાગી બનો

ડી. એન. મોદી (I.A.S.)
(મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર શહેર)

પ્રવીણ પટેલ
(મેયર, ગાંધીનગર શહેર)

માહિતી/૬૫૭/૧૭-૧૮

## સ્મરણાંજલિ - પ્રાર્થના સભા



અમારા લાડલી દીકરી **ચિ. પૂજાનો** તા. ૨ જૂન, ૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. જેની **પ્રાર્થનાસભા તા. ૫/૬/૨૦૧૭ને સોમવારે પટેલવાડી, સેક્ટર-૭ ખાતે સવારે ૮-૩૦ થી ૧૦-૩૦** સુધી રાખેલ છે. પ્રભુ તેના આત્માને શાંતિ આપે.

● અતુલ બક્ષી ● અર્ચના બક્ષી ● મીત બક્ષી

Require
OFFICE ASSISTANT
GOOD COMMUNICATION SKILLS, COMPUTER KNOWLEDGE, EXCEL, ACCOUNT, TALLY OPERATING
Hetshree Transit World Pvt. Ltd.
121, Super Mall-1, Infocity, Gandhinagar
(M) 8401525256/997895099

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com